(૧૫)

(૧૨૧)

ક્રમાંક/ઈજર/વહટ/ ૩૯/૨૦૧૦ /૮૨૭૧ થી ૮૩૬૦

નોંધણી સર નિરીક્ષક કચેરી
ગુજરાત રાજય, ગાંધીનગર
સ્ટેમ્પ અને નોંધણી ભવન
સેકટર-૧૩, સી, ખ, રોડ.
ગાંધીનગર.
તા. ૮/૬/૨૦૧૦

વિષયઃ- દસ્તાવેજ નોંધણી અર્થે રજુ થાય ત્યારે દસ્તાવેજ લખી આપનાર તથા લખાવી લેનાર તથા ઓળખ આપનાર પોતે જ હોવાનું પ્રસ્થાપિત કરવા માટે ઓળખ અંગેના પ્રમાણીત પુરાવા મેળવવા બાબત.

પરિપત્રઃ

રજીસ્ટ્રેશન એકટ-૧૯૦૮ ની કલમ-૮૨ (ગ) નીજોગવાઈ મુજબ જે કોઈ વ્યકિત ખોટી રીતે બીજાનું નામ ધારણ કરી કૃત્ય કરે તો શિક્ષાપાત્ર ગુનો બને છે. ઉલ્લેખનીય છે કે, જયારે એક વ્યકિતને બદલે બીજા વ્યકિત કબૂલાત આપે છે તે કલમ-૮૨ હેઠળ સજાને પાત્ર છે. રાજયમાં તાજેતરમાં મૂળ માલિકોને બદલે બેનામી માણસોને મિલકતનાં મુળ માલિકો તરીકે રજુ કરી બેનામી દસ્તાવેજોની નોંધણી થયાનાં કિસ્સાઓ ધ્યાને આવેલ છે. આવા બનાવટી અને બોગસ દસ્તાવેજો રદ કરાવવા માટે મિલકતના મૂળ માલિકોને ન્યાયીક પ્રક્રિયાના નિરાકરણ માટે ઘણો જ સમય પસાર થઈ જાય છે.

આવા બોગસ અને બનાવટી દસ્તાવેજોની નોંધણીના થતા કિસ્સાઓ નિવારવા અને નિર્દોષ વ્યકિતઓ આવા બેનામી વ્યવહારોના ભોગ ન બને તે સારુ દસ્તાવેજનાં પક્ષકારો પોતે જ હોવાનું પ્રસ્થાપિત કરવા માટે ઓળખ અંગેનો પુરાવો પણ મેળવવો જરૂરી છે.સમગ્ર જનહિત ધ્યાને લેતા આથી રાજયનાં તમામ સબ રજીસ્ટ્રારશ્રીઓને જણાવવામાં આવે છે કે, દસ્તાવેજ નોંધણી માટે રજુ થાય ત્યારે દસ્તાવેજ લખી આપનાર, લખાવી લેનાર તથા ઓળખ આપનાર પક્ષકારોના ફોટા સહિતના ઓળખ અંગેના આ સાથે સામેલ પત્રક- A માં દર્શાવેલ પુરાવાઓ પૈકી કોઈ પણ એક અસલ (original) પુરાવાની ચકાસણી કરી તેની પ્રમાણીત નકલ ફરજીયાતપણે મેળવવાની રહેશે,અને દસ્તાવેજમાં જરૂરી શેરા કરી સબ રજીસ્ટ્રારશ્રીએ સહી કરવાની રહેશે. પ્રમાણીત પુરાવા રજુ કરતા પક્ષકારોને માર્ગદર્શન/સમજ આપવી અને આવા પુરાવા રજુ થયેથી દસ્તાવેજની નોંધણીની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

વધુમાં પક્ષકાર દવારા ઓળખ પ્રસ્થાપિત કરવા માટે રજુ કરેલ અને સબ રજીસ્ટ્રાર દવારા જેની ખાતરી કરવામાં આવેલ છે તેવા પુરાવાની નકલ કચેરીનાં રેકર્ડમાં ફાઈલે રાખવાની રહેશે.

પરિપત્ર મળ્યા બદલની પહોંચ અવશ્ય મોકલવી.

સહી/-
સુપ્રિ.ઓફ સ્ટેમ્પ અને
નોંધણી સર નિરીક્ષક
ગુજરાત રાજય, ગાંધીનગર.

પ્રતિ,
સબ રજીસ્ટ્રારશ્રી, તમામ (મારફત નોંધણી નિરીક્ષક) તરફ જાણ તથા અમલ સારુ.
નકલ સવિનય રવાનાઃ-
૧.સંયુકત સચિવશ્રી,(સ્ટેમ્પ), મહેસુલ વિભાગ, સચિવાલય,હ.૧ શાખા, ગાંધીનગર તરફ જાણ સારુ.
૨.જીલ્લા રજીસ્ટ્રાર વ કલેકટરશ્રી તમામ.
નકલ જય ભારત સાથ રવાનાઃ-
૧.નોંધણી નિરીક્ષકશ્રી તમામ.
૨.નાયબ કલેકટરશ્રી, સ્ટેમ્પ ડયુટી મૂલ્યાંકન તંત્ર, તમામ.
૩.નાયબ સુપ્રિ.ઓફ સ્ટેમ્પ,ગુજરાત રાજય, ગાંધીનગર.
૪.મદદનીશ નોંધણી સર નિરીક્ષકશ્રી, (વહટ,ફોટો,એ.જી.) ઈ.જ.ર.કચેરી.
૫.ઈ.જ.ર.કચેરીની તમામ શાખાઓ તરફ
૬.સિલેકટ ફાઈલ.

રવાના કર્યુ

નાયબ નોંધણી સર નિરીક્ષક
ગુજરાત રાજય, ગાંધીનગર.